ખૂણે... ...ખાંચરેથી

- ગાંધીનગરના જન્મદિને યોજાયેલ વૃક્ષારોપણના કાર્યક્રમ નિમિત્તે સે. ૨માં વાવેલા અને ઉછરેલા વૃક્ષો દૂર કરાતાં વસાહતીઓમાં રોષ ફેલાયો છે.
- ઘ-૦ થી ચ-૦ પર માર્ગ બ્યુટીફીકેશનને લઈ વૃક્ષોનું વાવેતર થાય છે પણ વૃક્ષો જે બેગમાં લવાય છે તે ત્યાં જ છોડી દઈ ગંદકી ઉભી કરાય છે તેનાથી પણ પ્રકૃતિપ્રેમીઓમાં રોષ જન્મ્યો છે.
- સરદાર સરોવર નિગમના બ્લોક નં. ૧૨માં ભોંયતળિયે અને નિગમના મેને. ડિરેક્ટરશ્રીની ચેમ્બરમાં નર્મદા મૈયાની તસ્વીરો રખાઈ છે અને ત્યાં તેનું નિયમિત પૂજન થાય છે.
- બ્લોક. ૧૨ની સીડી પર જ બે સરસ સૂત્રો લખાયા છે. (૧) આ સરકારી ઈમારત આપણા સૌની છે તેને સ્વચ્છ રાખીએ (૨) આવો આપણા સૌના સહિયારા પુરૂષાર્થથી સંકુલને રળિયામણું બનાવીએ.
- સ્વર્ણીમ સંકુલ-૧માં દરેક માળે 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'ના સ્ટેન્ડીંગ પોસ્ટર્સ સૌ મુલાકાતીઓના આકર્ષણનું કેન્દ્ર બન્યું છે.
- પત્રકાર ધનંજય જોષીના દાદીમાનું આજે જૈફ વયે દુઃખદ અવસાન થયું છે.
- ગાંધીનગરના તાલુકા વિકાસ અધિકારી શ્રી ચારેલ વાયરલ ફીવરની ઝપટમાં આવી ગયા છે.
- યુવા મોરચો ભાજપ દ્વારા 'જોઈન્ટ બીજેવાય એમ જોઈન્ટ નમો' નામક કાર્યક્રમ ૫ થી ૧૨ ઓગષ્ટ દરમ્યાન યોજવાનો નિર્ણય કર્યો છે.
- જિલ્લામાં રોગચાળાની સ્થિતિ અંગે આજે જિલ્લા કલેકટર ડૉ. સ્વરૂપે આરોગ્યતંત્ર સાથે સમીક્ષા બેઠક યોજી હતી.
- ભાજપની નવી રચાયેલ પ્રદેશ કારોબારીની બેઠક ૪થીએ ગાંધીનગરમાં યોજાશે.

ગુડા આજે અડાલજમાં આવાસ યોજનાનું ખાતમૂહુર્ત કરશે

શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા ઓછી આવક ધરાવતા પરિવારજનો માટે રાયસણ અને ચિલોડામાં આવાસો તૈયાર કરવામાં આવી રહ્યા છે. રાયસણમાં આવાસો બાંધવાનું હાલ પ્રગતિ હેઠળ છે. જ્યારે શહેરના સ્થાપના દિને ગુડા દ્વારા અડાલજ ખાતે પણ આવાસ યોજનાનું કામ શરૂ કરવા ખાતમૂહુર્તવિધિ યોજવામાં આવનાર છે. માર્ગ-મકાન મંત્રી આનંદીબેન પટેલના હસ્તે સવારે ૯ કલાકે ગુડાની આ નવી આવાસ યોજનાનું ખાતમૂહુર્ત કરવામાં આવશે. આ ઉપરાંત સવારે ૯.૩૦ કલાકે ભાઈજીપુરામાં પણ ડ્રેનેજ લાઈના કામની શરૂઆત કરાશે.

સેકટર-૨ પેન્શનર્સ સમાજ વિદ્યાર્થીઓનું સન્માન કરશે

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ ફકત સેકટર-૨માં નિવાસ કરતા પેન્શનર સમાજના પૌત્ર-પૌત્રીઓ જેઓએ ગાંધીનગરની સ્કુલથી ધોરણ-૧૦ અને ૧૨માં ૭૫ ટકાથી વધુ મેળવેલ હોય તેઓને પહેલું, બીજું અને ત્રીજું ઈનામ આપી પ્રોત્સાહિત કરશે. તો કારોબારી સભ્યોને સેકટર-૨ના માર્કશીટ આપવી. તા. ૨૭મી ઓગસ્ટના રોજ સરકારી દવાખાના સામે બગીચામાં કાર્યક્રમ યોજાશે.

સેકટર-૨૪માં દશામા યુવક મંડળ દશામા વ્રત ઉજવશે

સેકટર-૨૪ દશામા યુવક મંડળ તરફથી સેકટર-૨૪જ-૧ પાસે દશામા મંદિરે દશામા વ્રત નિમિતે દશેય દિવસો સુધી તા. ૬ ઓગસ્ટથી તા. ૧૫મી ઓગસ્ટ સુધી રાત્રે ગરબાનું આયોજન કરવામાંઆવેલ છે. મેના કલાકૂંદના રાસ ગરબાનો કાર્યક્રમ રાખેલ છે. દશામા યુવક મંડળના પ્રમુખ રમેશભાઈ પરમારે જણાવેલ છે.

પત્નિ અને ૮ સંતાન નિરાધાર બન્યા ...!

ખુલ્લા વીજ થાંભલાથી સે. ૨૪માં ત્રણને કરંટ લાગ્યા : એકનુ મૃત્યુ

વીજ થાંભલે ચોંટી ગયેલા ૧૪ વર્ષના દિકરાને બચાવવા ગયેલા પિતાએ જીવ ગુમાવ્યો : પરિવારના સભ્યોની નજર સામે જ મૃત્યુ : ભીનુ સંકેલવા તંત્રએ તાત્કાલિક થાંભલાનું વાયરીંગ કરીને પ્લેટ મારી દીધી...!

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગરમાં લગાડેલી સ્ટ્રીટલાઈટો પૈકી મોટા ભાગની સ્ટ્રીટલાઈટોના થાંભલા ભયજનક અને અત્યંત જોખમી છે. વીજ વાયરોના છેડા ખુલ્લા છે અને થાંભલાઓ પણ ખુલ્લા છે...! અવારનવાર રજુઆતો થતી હોવા છતાં પણ તંત્રને જાણે આવા પ્રશ્નોને નાના સમજી બેસીને કામ જ કરવુ નથી. તંત્રની આ જ બેદરકારી એક પરિવારના એક માત્ર આધાર એવા 'મોભી'ના મૃત્યુનું કારણ બની છે. સે. ૨૪માં ઘર આંગણે રમી રહેલા ૧૪ વર્ષના દિકરાને સ્ટ્રીટલાઈટના થાંભલે કરંટ લાગતા ચોંટી ગયેલો જોઈ પિતા બચાવવા ગયા. દિકરાને ધક્કો મારીને ફેંકી દઈ બચાવી લીધો પરંતુ પિતા વિજ કરંટની લપેટમાં આવી ગયા હતા. તેમને બચાવવા ભત્રીજો પહોંચ્યો અને તેને પણ કરંટ લાગ્યો...! ત્રણને લાગેલ કરંટ બાદ અંતે ચોંટી ગયેલા પિતાનું મૃત્યુ નિપજ્યું છે. સે. ૨૧ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી આરંભી છે.

મળતી માહિતી મુજબ મુળ સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ તાલુકા ખાતે સ્થિત ભદ્રેસી ગામના રહેવાસી અને હાલ વર્ષોથી ગાંધીનગર શહેરના

સે. ૨૪ ઈન્દિરાનગરમાં સ્થાયી થયેલા ૫૮ વર્ષીય અરજણભાઈ આલજીભાઈ સોલંકી કડીયા કામ કરીને છુટક મજુરી કરી પરીવારનું ગુજરાન ચલાવતા હતા. અરજણભાઈ અને તેમની પત્નિ ઊજીબેનને ૮ સંતાનો છે. ૬ દિકરી અને બે દિકરાનો પરિવારમાં સમાવેશ થાય છે. ૮ સંતાન અને પત્નિ મળીને ૯ સભ્યોનું ગુજરાન ચલાવનાર એક માત્ર આધાર અરજણભાઈ હતા. બન્ને દિકરા હજુ સગીર વયનાં છે.

મંગળવારે સાંજે સાડાસાત વાગ્યાના અરસામાં ઝરમર વરસાદ ચાલુ હતો તે દરમ્યાન અરજણભાઈનો નાનો દિકરો ૧૪ વર્ષિય નરેન્દ્ર ઘરઆંગણે રમી રહ્યો હતો. અચાનક તેનો હાથ ઘરઆંગણે સ્થિત સ્ટ્રીટલાઈટના ખુલ્લા વાયરો સાથે અડકી જતાં ચોંટી ગયો હતો. અરજણભાઈનું ધ્યાન તેના પર પડતા દોડ્યા હતા અને દિકરાનો જીવ બચાવવા તેને ધક્કો લગાવ્યો અને નરેન્દ્ર વિજકરંટના દલદલમાંથી છુટી ગયો પરંતુ કરંટની લપેટમાં દિકરાને બચાવવા ગયેલા પિતા આવી ગયા હતા. તેમને બચાવવા દોડેલા ભત્રીજા જીગ્નેશને પણ કરંટ લાગ્યો હતો. ઘરના ત્રણ સભ્યો સ્ટ્રીટલાઈટના થાંભલે ચોંટી ગયા હતા. જેમાં અરજણભાઈનું પરિવારના સભ્યોની સામે જ હૃદય કંપાવી નાંખે તે રીતે ઘટના સ્થળે જ મૃત્યુ નિપજ્યું હતું. આ ઘટનાને બબ્બે દિવસ થઈ ગયા બાદ પણ તે વિસ્તારના નગરસેવકોએ નામ પુરતી મુલાકાત લેવાની પણ તસ્દી લીધી નથી.

ટોરેન્ટ પાવરના અધિકારીઓને આ ઘટનાની જાણ થતાં પોતાની બેદરકારી પર ઢાંકપીછોડો કરવા બીજે જ દિવસે બિલ્લી પગે પહોંચી જઈને થાંભલાનું વ્યવસ્થિત વાયરીંગ કરીને પ્લેટ મારી આવ્યા હતા. ઉલ્લેખનીય બાબત છે કે ગાંધીનગર સમાચારે ઉપરોક્ત ઘટનાના બે જ દિવસ અગાઉ જોખમી થાંભલાઓ અને સ્ટ્રીટલાઈટો સંબંધીત અહેવાલ ચેતવણીરૂપે પ્રસિદ્ધ કર્યો હતો પરંતુ તંત્રએ તેમની પાસે આવેલી અનેક રજૂઆતોની માફક આ અહેવાલને પણ ધ્યાને લેવાની તસ્દી લીધી ન હતી. જેનો ભોગ સે. ૨૪ના એક શ્રમિક એવા આઠ સંતાનોના આધારસ્થંભ એવા પિતાએ બનવુ પડ્યું છે...!

સે. ૬માં ચ-૧ કક્ષાના આવાસો તોડવાના મામલે મહાસંઘનો વિરોધ

ગાંધીનગર, તા. ૧

સે. ૬માં ચ-૧ કક્ષાના સરકારી આવાસો તોડી પાડવાની હીલચાલ સામે સ્થાનિક રહીશોએ કાંઈક અલગ જ સૂર ઉઠાવ્યો છે. શહેર વસાહત મહાસંઘે નિકાલ હેઠળના આ મકાનો પૈકી સે. ૬માં સ્થિત બ્લોક્સ પાડી દેવાના મામલે વિરોધની લાગણી વ્યક્ત કરી સરકારે આર્થિક હીતને ધ્યાને લઈ આ બાબતે પુનઃ વિચારણા હાથ ધરવા રજૂઆત કરી છે.

શહેર વસાહત મહાસંઘના પ્રમુખ કેસરીસિંહ બિહોલાએ આ અંગે રજૂઆતમાં જણાવ્યા અનુસાર સે. ૬માં ચ-૧ કક્ષાના ૫ બ્લોક રીપેરીંગ માટે ખાલી કરાવાયા છે. આ ઉપરાંત આ કક્ષાના અન્ય મકાનો પણ રીપેરીંગ માટે ખાલી કરાવાયા છે પરંતુ આવાસોનું સમારકામ શરૂ થયુ નથી, બીજી તરફ આ મકાનો તોડી પાડવાનો નિર્ણય લેવાયો હોવાનું ધ્યાને આવ્યું છે જે આઘાતજનક બાબત હોવાનુ તેમણે જણાવ્યું છે. શહેરમાં પડવાના વાંકે ઉભા હોય તેવા ઘણા મકાનો હોવા છતાં વસાહતીઓને રહેવાલાયક મકાનો તોડી પાડવાનો અતાર્કીક નિર્ણય લેવાયો છે જેના પરિણામે સરકારને પણ કરોડો રૂપિયાનુ નુકશાન થાય તેવી સ્થિતિ છે. આ આવાસો ભયજનક હોવાનો સૂર પ્રબળ બન્યો છે. ત્યારે જો આ મકાનો જોખમી હોવા છતાં રહેણાંક માટે કેમ ફાળવવામાં આવ્યા હતા. જ્યારે રીપેરીંગ માટે ખાલી કરાયેલા આવાસો એકાએક તોડી પાડવાનો નિર્ણય કઈ રીતે લેવાયો તે પણ મોટો પ્રશ્ન છે. વસાહત મહાસંઘે આ મામલે ઉચ્ચકક્ષાએથી તટસ્થ તપાસ હાથ ધરી અયોગ્ય નિર્ણયની પુનઃ સમીક્ષા કરવા પણ પ્રબળ માંગ કરી છે.

સે. ૨૭ના ઓટલા પર જુગાર રમતા ૮ શકુનીઓ ઝડપાયા

રોકડ તથા ૮ મોબાઈલ મળીને રૂ. ૩૨,૪૯૦નો મુદ્દામાલ જપ્ત : રાત્રે ૧૨ વાગે દરોડો પાડ્યો

ગાંધીનગર, તા. ૧

શહેરના સેક્ટર-૨૭ ચીપટાઈપ શોપીંગ સેન્ટરના ઓટલા પર જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમીને આધારે રાત્રે ૧૨ વાગે સે. ૨૧ પોલીસે દરોડો પાડી ૮ શકુનીઓને રંગેહાથ ઝડપી પાડ્યા હતા. પોલીસે રૂ. ૧૧,૧૯૦ રોકડા તથા ૮ નંગ મોબાઈલ મળીને રૂ. ૩૨,૪૯૦ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરીને આઠેય જુગારીઓની ધરપકડ કરી લીધી છે. પીએસઆઈ પી.જે. સોલંકીએ આ પ્રકરણે કાયદેસરની કાર્યવાહી આરંભી છે.

સેકટર-૨૧ પોલીસમથકના પીએસઆઈ પી.જે. સોલંકીને રાત્રે ૧૨ વાગે બાતમી મળી હતી કે સે. ૨૭ ચિપટાઈપ શોપીંગ સેન્ટરના ઓટલા પર જુગાર જામ્યો છે. જેને આધારે પીએસઆઈ તેમની ટીમ સાથે બાતમીવાળા સ્થળે પહોંચી ગયા હતા અને દરોડો પાડ્યો હતો. જુગારીયો પોલીસને જોઈને ફાંફડા ફાંફડા થઈ ગયા હતા અને દોડધામ મચી ગઈ હતી. પોલીસે કોર્ડન કરીને સે. ૨૭માં રહેતા સાત શખ્સો અને સે. ૨૬માં રહેતા એક શખ્સ મળીને આઠ શકુનીઓને રંગેહાથ પકડી પાડીને ધરપકડ કરી લીધી છે.

સેક્ટર-૨૩ સ્વામીનારાયણ મંદિર ખાતે સ્ટેશનરીના હિંડોળા તેમજ પંચદેવ મંદિર સેક્ટર-૨૨ ખાતે ફૂલોના હિંડોળા યોજાયા હતા તે પ્રસંગની તસવીર.

અધધધ....૮૬૭ પેટી દારૂ બિયરથી ખીચોખીચ ભરેલો કન્ટેનર ટ્રક પકડાયો

એલ.સી.બી. પોલીસે બાતમીને આધારે વોચ ગોઠવીને ચંદ્રાલા પાસેથી ટ્રક સાથે ત્રણને પકડ્યા : રૂ. ૩૧.૭૯ લાખના દારૂ-બિયર સહિત રૂ. ૪૧.૯૦ લાખનો મુદ્દામાલ જપ્ત

ગાંધીનગર, તા. ૧

હિંમતનગર હાઈવે પરથી દારૂ-બિયરનો મોટો જથ્થો ભરેલો કન્ટેનર ટ્રક પસાર થઈ રહ્યો હોવાની બાતમી ગાંધીનગર એલ.સી.બી. પી.આઈ.ને મળતા આજે બપોરથી એલ.સી.બી.ની ટીમ ચંદ્રાલા પાટીયા પાસે હાઈવે પર વોચમાં ગોઠવાઈ ગઈ હતી. બાતમીવાળી ટ્રક પસાર થતા તેને પકડીને ચેકીંગ કરતા કન્ટેનર ટ્રક આખો દારૂ-બિયરની પેટીઓથી ખીચોખીચ ભરેલો દેખાયો હતો. ટ્રકમાં બેઠેલા હરિયાણાના ત્રણેય શખ્સોની ધરપકડ કરીને રૂ. ૩૧.૭૯ લાખના દારૂ-બિયર (૮૬૭ પેટી) સહિત કુલ રૂ. ૪૧.૯૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરી ચિલોડા પોલીસમથકે લઈ જવાયો હતો. માલ ક્યાંથી-ક્યાં લઈ જવાતો હતો અને કોનો માલ છે? તે સહિતની વિગતો બહાર લાવવા એલસીબીએ ગતીવિધિ શરૂ કરી છે.

એલસીબી પી.આઈ. આશુતોષ પરમારને બાતમી મળી હતી કે હિંમતનગર-ચિલોડા હાઈવે પર દારૂ-બિયરનો મોટો જથ્થો ભરેલી કન્ટેનર ટ્રક (બંધ બોડીનો ટ્રક) દારૂની ડીલીવરી આપવા લઈ જવાઈ રહ્યો છે જેને આધારે પી.આઈ. તેમની ટીમના પી.એસ.આઈ. સોલંકી તથા પો.કો. સંદિપસિંહ, વિપુલકુમાર, કનકસિંહ તથા રાજેન્દ્રસિંહ સહિતના માણસો સાથે હાઈવે પર ચંદ્રાલા ગામની સીમમાં વોચમાં ગોઠવાઈ ગયા હતા. બાતમીવાળી કન્ટેનર ટ્રક નં. એચ.આર.૫૫-ટી-૯૪૫૦ ત્યાંથી પસાર થતા એલસીબીએ ટ્રક ઉભી કરાવી દીધી હતી અને આરોપીઓ ભાગે તે પહેલા જ ટ્રકમાં બેસેલા ત્રણ શખ્સોને પકડી લીધા હતા. ટ્રકમાં તપાસ કરવા માટે બે શટરો ખોલતા તેમાં દારૂ-બિયરની પેટીઓ ભરેલી જોવા મળી હતી. પોલીસે રૂ. ૩૧,૭૮,૮૦૦ની કિંમતની ૮૬૭ પેટી દારૂ-બિયરનો જથ્થો ટ્રકમાંથી કબ્જે કર્યો છે. તે ઉપરાંત રૂ. ૧૦ લાખનો ટ્રક અને ૧૫૦૦નો મોબાઈલ તથા રૂ. ૧૦,૨૨૦ રોકડા મળીને કુલ રૂ. ૪૧,૯૦,૫૨૦ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી લીધો છે. હરીયાણાના સોનેપથ જિલ્લાનો ડ્રાઈવર સુશિલ મહેન્દ્રસિંહ ગોસ્વામી તથા હરિયાણાના પાનીપત જિલ્લાના બે ક્લીનર બીજેન્દ્રસિંગ ધરમસિંગ જાટ અને દેવેન્દ્રસિંગ રઘવિરસિંઘ જાટ મળીને ત્રણ શખ્સોની ધરપકડ કરી લઈ પ્રોહીબીશન એક્ટ મુજબ ચિલોડા પોલીસમથકે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આટલો મોટા પ્રમાણનો જથ્થો ક્યાં અને કોના ત્યાં ઠાલવવાનો હતો તે સહિતની વિગતો બહાર લાવવા એલસીબી પી.આઈ. આશુતોષ પરમારે તપાસ આરંભી છે. ચિલોડા પોલીસ સ્ટેશનમાં દારૂ ભરેલી ટ્રક લઈ જવાતા ગ્રામજનોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. જેથી દારૂની પેટીઓ ટ્રકમાંથી રાત્રે ૧૨ વાગ્યા બાદ ઉતારવાનો નિર્ણય લેવાયો હતો.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૧૬
સૂર્યાસ્ત : ૭.૧૪

તાપમાન

મહત્તમ : ૨૮.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૬.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૯૨ ટકા ● સાંજે ૯૬ ટકા
વરસાદ ૫ મીમી

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ધ સ્મુર્ફસ-૨ ૩ડી(હિન્દી): ૧૦.૩૦, ૩.૩૦, ૫.૪૫, ૮.૦૦
ધ વોલ્વેરીન ૩ડી(હિન્દી) : ૧૨.૪૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
રમૈયા વસ્તાવૈયા : ૯.૩૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
ભાગ મિલ્ખા ભાગ : ૧૨.૩૦
: સ્ક્રીન-૩ :
ભાગ મિલ્ખા ભાગ : ૧૧.૦૦, ૨.૩૦, ૬.૦૦, ૯.૩૦
: સ્ક્રીન-૪ :
રબ્બા મેં ક્યા કરું : ૧૨.૦૦, ૫.૨૦, ૧૦.૪૦
ડી-ડેય : ૨.૨૦, ૭.૪૦

સૂર્યા, વાવોલ

રબ્બા મેં કયા કરું : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ભાગ મિલ્ખા ભાગ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
રબ્બા મે કયા કરું : ૧૦.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
સીંઘમ-૨ : ૧.૩૦
ચોર ચોર સુપર ચોર : ૪.૩૦
: સ્ક્રીન-૨ :
બી.એ. પાસઃ ૧૦.૧૫, ૭.૩૦
રમૈયા વસ્તાવૈયા : ૧.૦૦, ૧૦.૧૫
સીંઘમ-૨ : ૪.૦૦
: સ્ક્રીન-૩ :
સીંઘમ-૨ : ૧૦.૪૫, ૭.૦૦
બી.એ. પાસ : ૨.૦૦, ૧૦.૧૫
રમૈયા વસ્તાવૈયા : ૪.૩૦

વિરાગ, કલોલ

રબ્બા મેં કયા કરું : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

ધાર્મિક

- અષાઢ વદ-૫ નીમિતે શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી વલ્લભધામ, ચ-રોડ, સેકટર-૨૧ ખાતે આજે ફૂલના હિંડોળા

આપની આજ

મેષ : વિશેષ લેવડ-દેવડથી બચવું. સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. કાર્યની ગતિમાં વધશે.

વૃષભ : ભાગ્યવર્ધક કાર્યોથી લાભ પ્રાપ્તિ થઈ શકશે. વ્યાપાર -વ્યવસાય પ્રત્યે ધ્યાન આપો. પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે. આરોગ્ય પ્રત્યેની બેદરકારી ઘાતક થઈ શકે છે.

મિથુન : કુટુંબ-વ્યાપાર સંબંધી કાર્યોમાં ભાગ્યવર્ધક યાત્રા. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે.

કર્ક : કૌટુંબિક સમસ્યાઓ કુશળતાથી નીપટાવવી. નોકરી-વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય. વ્યાપાર માં પ્રગતિ થશે.મિત્રોના સહયોગથી ઉદ્‌ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે.

સિંહ : આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે. આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે.

કન્યા : ભાગીદારીથી વિશેષ લાભ પ્રાપ્તિનો યોગ. વ્યાપારીક વર્ગ માટે લાભ મેળવવાની ઉત્તમ તક. આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો.

તુલા : ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ. સન્માન અને ઉપલબ્ધિ પ્રાપ્તિનો યોગ.

વૃશ્ચિક : શિક્ષા સંબંધિ ઉપલબ્ધિદાયક યોગ. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કુટુંબમાં લગ્ન સંબંધી કાર્યક્રમાનું આયોજન થઈ શકે છે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે.

ધન : ધાર્મિક કાર્યોમાં વિશેષ ધન વ્યય થઈ શકે છે. ભાગીદારીઓથી વિશેષ લાભ. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

મકર : અર્થને લગતી સમસ્યાઓ પર વિશેષ ચિંતન યોગ. સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો.

કુંભ : પરિવાર, વેપારની બૌદ્ધિક સમસ્યાઓનો વિવેકપૂર્ણ ઉકેલ કરવો. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

મીન : સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપાર-વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી. જીવનસંગીની સાથે તકરાર ન બને.

ચિરવિદાય

- સ્વ. પુરીબેન રણછોડભાઈ પટેલ (ઉ.વ. ૬૫) મુ.પો. મોતીપુરા (સાદરા), તા., જિ. ગાંધીનગર.
- સ્વ. પૂંજાજી શંકરજી ઠાકોર (ઉ.વ. ૬૬) મુ.પો. રૂપાલ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. કમળાબેન આતારજી ઠાકોર (ઉ.વ. ૯૦) મુ.પો. પોર, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. ગીરીશભાઈ નરસિંહભાઈ જાદવ (ઉ.વ. ૩૦) ૯૧, પાંજરાપોળ પાસે, તુરીવાસ, મુ.પો. પેથાપુર, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. બાબરજી મોતીજી સોલંકી (ઉ.વ. ૯૫) મુ.પો. આલમપુર, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. સરતાનભાઈ ખેંગારભાઈ રબારી (ઉ.વ. ૯૦) મુ.પો. મગોડી (સાદરા), તા., જિ. ગાંધીનગર.